સવારે ચા સાંજે
અકિલા ન્યુઝ .કોમ

તા. ૧૩ જાન્યુઆરી ૨૦૧૮ વિક્રમ સંવત્ ૨૦૭૪ પોષ વદ - ૧૨ શનિવાર

મુખ્ય સમાચાર

News of Friday, 12th January 2018

# યુ.એસ.માં ''ગુજરાતી સમાજ ઓફ હયુસ્ટન''એ ૨૦૧૮ની સાલના આગમનને વધાવ્યુંઃ ૩૧ ડિસેં.ના રોજ યોજાઇ ગયેલા પ્રોગ્રામમાં ડાન્સ,ડીનર,તથા રેફલ ડ્રો અને પ્રાઇઝ વિતરણ કાર્યક્રમોના આયોજનો સાથે ઉમંગભેર ઉજવણી સંપન્ન



હયુસ્ટનઃ યુ.એસ.માં ''ગુજરાત સમાજ ઓફ હયુસ્ટન''ના ઉપક્રમે ૩૧ ડિસેં. ૨૦૧૭ના રોજ અરેબિઆ શ્રાઇન સેન્ટર ખાતે ભારે ઉમંગપૂર્વક નવા વર્ષના આગમનને વધાવતો પ્રોગ્રામ યોજાયો હતો.

સાંજે ૭ઃ૩૦ કલાકથી શરૂ કરાયેલી ઉજવણી માટે આવતા મેમ્બર્સનું સ્વાગત કરવાની સાથે શણગારેલા તથા સુગંધિત હોલમાં એપિટાઇઝર્સની વ્યવસ્થા કરાઇ હતી. ઉપરાંત ફુડ,ડ્રીંક,સિકયુરીટી સહિતના વ્યવસ્થિત આયોજનો કરાયા હતા. બાદમાં સહુ ડાન્સ પ્રોગ્રામમાં જોડાયા હતા. તથા ડીનરની મોજમાણી હતી.

ઉજવણી અંતર્ગત રેફલ ડ્રો તેમજ ૩  પ્રાઇઝ વિતરણનું આયોજન કરાયું હતું. બાદમાં બાર વાગ્યાના ટકોરે સહુએ ઉમંગભેર નવા વર્ષના આગમનને વધાવ્યુ હતુ. પ્રોગ્રામના સફળતા પૂર્વક સંપન્ન કરાવવા માટે ગુજરાતી સમાજ ઓફ હયુસ્ટનના ચેરમેન શ્રી ડો.હર્ષદભાઇ પટેલ તેમજ એકઝીકયુટીવ ટીમ મેમ્બર્સ, પ્રેસિડન્ટ શ્રી ગિરીશ નાયક, શ્રી ધ્રુવિત શાહ, શ્રી પ્રકાશ દેસાઇ, વાઇસ પ્રેસિડન્ટ સુશ્રી ગીતા પટેલ, સુશ્રી મીના દેસાઇ, શ્રી રાકેશ શાહ, શ્રી કિશોર પટેલ , શ્રી નરેન્દ્ર પટેલ, શ્રી હરેન્દ્ર હિંગુ, શ્રી કલ્પેશ રાણા, તથા શ્રી ભરત પટેલ, તેમજ વોલન્ટીઅરસ ભાઇ બહેનોએ જહેમત ઉટાવી હતી. તેવું IAN દ્વારા જાણવા મળે છે.

(10:14 pm IST)